# આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

**ભરૂચ** જિલ્લામાં 143 કેન્દ્ર પર 35861 વિદ્યાર્થી, નર્મદા જિલ્લામાં ૧૪૫૮૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે

અંકલેશ્વર, ભરૂચ, રાજપીપળા: ભરૂચ જિલ્લામાં આજથી એસએસસી અને એચએસસી પરીક્ષાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જિલ્લામાં કુલ 143 પરીક્ષા બિલ્ડિંગમાં 35861 વિદ્યાર્થી પરીક્ષા આપશે, જેમાં એસએસસીમાં 22796 વિદ્યાર્થી, એચએસસી સામાન્ય પ્રવાહમાં 9774 વિદ્યાર્થી અને વિજ્ઞાન પ્રવાહમાં 3259 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ઉપરાંત સંસ્કૃત માધ્યમના 32 વિદ્યાર્થી પણ પરીક્ષામાં સામેલ થશે. સમગ્ર પરીક્ષા પ્રક્રિયામાં 153 સરકારી પ્રતિનિધિ, 143 સ્થળ સુપરવાઇઝર, 1282 ખંડ નિરીક્ષક તથા 331 જેટલો પોલીસ સ્ટાફ ફરજ પર રહેશે.

વિદ્યાર્થીઓ ભયમુક્ત રહી પરીક્ષા આપી શકે તે માટે 'આત્મવિશ્વાસ હેલ્પલાઇન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. પરીક્ષા સમયગાળા દરમિયાન સતત વીજ પુરવઠો, ટ્રાન્સપોર્ટેશન અને અન્ય જરૂરી સુવિધાઓ અવિરત રહે તે અંગે આયોજન કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી સરળતાથી પહોંચાડવા રિક્ષા એસોસિએશનની સહાય લેવામાં આવી છે.

નર્મદા જિલ્લામાં ધો.૧૦ બોર્ડની પરીક્ષામાં જિલ્લાનાં ૧૯ પરીક્ષા કેન્દ્ર ખાતે ૮૭૧૯ વિદ્યાર્થી પરીક્ષા આપશે. તેના માટે ૨૭ પરીક્ષા બિલ્ડિંગ્સમાં ૩૦૩ બ્લોક નક્કી કરાયા છે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૬ પરીક્ષા કેન્દ્ર ખાતે ૪૮૩૬ પરીક્ષાર્થી પરીક્ષામાં ઉપસ્થિત થશે, જેના માટે ૧૫ બિલ્ડિંગમાં ૧૬૬ બ્લોક નક્કી કરાયા છે. તેવી જ રીતે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાં બે કેન્દ્ર ખાતે ૧૦૨૫ વિદ્યાર્થી પરીક્ષા આપશે. જે માટે ૫ બિલ્ડિંગમાં ૫૩ બ્લોક નક્કી કરાયા છે. આમ નર્મદા જિલ્લામાં ધો.૧૦ અને ૧૨માં ૨૪ કેન્દ્ર ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ ૧૪,૫૮૦ વિદ્યાર્થી પરીક્ષા આપશે.

## તાપી જિલ્લામાં 3 હજારથી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે

વ્યારા: રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ-10 અને 12ની પરીક્ષાઓનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે તાપી જિલ્લામાં કુલ 39 કેન્દ્ર પર 13 હજારથી વધુ વિદ્યાર્થી બોર્ડની પરીક્ષા આપશે, જેમાં ધોરણ-10માં ગુજરાતી માધ્યમના કુલ 7,749 , અંગ્રેજી માધ્યમના 498 અને મરાઠી માધ્યમના 26 મળી કુલ 8,273 વિદ્યાર્થી પરીક્ષા આપશે. જ્યારે ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષયમાં 4075 અને વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન વિષય માટે 1361 વિદ્યાર્થી પરીક્ષા આપશે.

## ધો.10માં ગુજરાતી અને ધો.12માં અર્થશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાનનું પેપર

**સીસીટીવી** કેમેરા અને ચુસ્ત નિરીક્ષણ હેઠળ પરીક્ષા લેવામાં આવશે

બારડોલી: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે ૨૬ ફેબ્રુઆરીથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે, જેના માટે બારડોલી ઝોન તંત્ર સજ્જ બન્યું છે. HSC ઝોનના પ્રિતેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ દિવસે ભાષાના પેપર સાથે ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા ૧૧ કેન્દ્રના ૧૧૩ બ્લોકમાં કુલ ૨,૧૬૩ વિદ્યાર્થી આપશે. સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષય માટે ૬,૩૫૬ પરીક્ષાર્થી ૨૩૬ બ્લોકમાં અને ઉદ્યોગ સાહસિકતા માટે ૬૯ વિદ્યાર્થી ૫ બ્લોકમાં પરીક્ષા આપશે. એસએસસી ઝોન અંગે માહિતી આ સંગિતા મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ની પરીક્ષા માટે બારડોલી ઝોનમાં કુલ ૩૮ કેન્દ્ર પર ૩૪૭ બિલ્ડિંગમાં ૮,૯૫૭ વિદ્યાર્થી પ્રથમ ભાષા ગુજરાતીનું પેપર લખશે. આ પરીક્ષાઓ ઉમરપાડા, માંડવી, માંગરોળ, અરેઠ, બારડોલી, પલસાણા, મહુવા અને અંબિકા તાલુકાનાં કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા સીસીટીવી કેમેરા અને ચુસ્ત નિરીક્ષણ હેઠળ લેવાશે.

# ધો.10ની હોલ ટિકિટ લેવા જતાં વિદ્યાર્થીને કાળ ભરખી ગયો

**સાગબારાની** ઘટના, બાઇક સ્લિપ થતાં પિકઅપ વાહન નીચે કચડાયો



સાગબારા, ભરૂચ: સાગબારાની સીમઆમલી ગામમાં ધોરણ-12ની બોર્ડની પરીક્ષા માટે "હોલ ટિકિટ" લેવા જતા એક વિદ્યાર્થીનું બાઇક રોડ પર સ્લિપ થતાં પિકઅપ ટેમ્પો નીચે કચડાઈ જતાં મોત થયું હતું.

સાગબારાના સીમઆમલી ગામે રહેતો તનીષકુમાર કિશનભાઈ વસાવા (ઉં.વ.17) ધોરણ-10માં રીપીટર તરીકે અભ્યાસ કરતો હતો. મંગળવારે વહેલી સવારે પોતાની બાઇક લઈ સાગબારાની નવરચના હાઇસ્કૂલમાંથી પોતાની હોલ ટિકિટ લેવા માટે નીકળ્યો હતો. સવારે આઠ વાગ્યાના અરસામાં સીમઆમલી જવાના માર્ગ પર આવેલા એક વળાંક પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેની બાઇક અચાનક સ્લિપ ખાઈ જતાં રોડ પર પટકાયો હતો. આ વેળા સામેથી આવી રહેલો એક પિકઅપ ટેમ્પોમાં પાછળનું ટાયર આ વિદ્યાર્થી ઉપર ચઢી ગયું હતું. ગંભીર ઈજા થતાં જ તનીષનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. અકસ્માત બાદ ટેમ્પોચાલક વાહન સાથે ઘટના સ્થળેથી રફુચક્કર થઈ ગયો હતો. આ કરુણ ઘટના નજીકની એક દુકાનના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને યુવકને તાત્કાલિક સાગબારા CHC ખાતે તો લઇ ગયા પણ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાથી આશાસ્પદ મૃતક વિદ્યાર્થીના પરિવારજનો હૈયાફાટ રૂદનથી માતમ છવાઈ ગયો હતો. આ બનાવમાં ટેમ્પોચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. મૃતક વિદ્યાર્થીની મોડી સાંજે અંતિમવિધિ કરવામાં આવતાં આખું ગામ ગમગીની બની ગયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### દેદવાસણ ગામે આરોગ્ય નિદાન કેમ્પ



સલીમ દિવાન

ભોરિયા: દેદવાસણ ગ્રામ પંચાયતના સરપંચ કલ્પનાબેન ગરાસિયા અને સભ્યોના સંયુક્ત પ્રયાસોથી ગ્રામજનો માટે વિનામૂલ્યે આરોગ્ય નિદાન કેમ્પનું ભવ્ય આયોજન કરાયું હતું. આ કેમ્પમાં યુનિટી હોસ્પિટલ દ્વારા ૧૦૮ લોકોનું ફૂલ બોડી ચેકઅપ અને સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ દ્વારા ૧૪૩ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ૭૪ જરૂરિયાતમંદોને દક્ષિણ ગુજરાત નીરા તાડ ગોડ સંઘ તરફથી ૧૪૮ ચશ્માનું મફત વિતરણ કરાયું હતું. ઉપરાંત, ૩૬ મોતિયાના દર્દીઓ સહિત અન્ય આંખની ગંભીર બીમારીઓ ધરાવતા દર્દીઓને સારવાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### ઉકાઈના એન્જિનિયર સાથે ૮૮ હજારની ઓનલાઇન છેતરપિંડી

સોનગઢ: ઉકાઈની જી.ઈ.બી. કોલોનીમાં રહેતા અને થર્મલ પાવર સ્ટેશનમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા નીતિનકુમાર સાપુરભાઈ પટેલે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૧૫/૧૨/૨૦૨૫ના રોજ તેઓ પોતાના રૂમ પર હાજર હતા, ત્યારે તેમના મોબાઈલ પર ઈન્સ્ટાગ્રામ એપ્લિકેશન વાપરતી વખતે એક અજાણી લિંક આવી હતી. આ લિંક પર ક્લિક કરતા જ 'TV-Garden' નામની એક ફાઈલ (APK) ડાઉનલોડ થઈ હતી. આ ફાઈલ ડાઉનલોડ થયા બાદ, ફરિયાદીનો મોબાઈલ ફોન અચાનક હેક થઈ ગયો હતો. ત્યારબાદ તેમના બેંક ઓફ બરોડા (ઉકાઈ શાખા)ના સેવિંગ ખાતામાંથી કોઈ પણ પ્રકારના OTP (વન ટાઈમ પાસવર્ડ) વગર જ રૂ.૮૮,૦૦૦ કપાઈ ગયા હતા. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ રકમ રાજસ્થાન ગ્રામીણ બેંકમાં 'પ્રમેશ કુમાર' નામના વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં ઈજનેરે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર જાણ કરી હતી અને ત્યારબાદ ઉકાઈ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે.

### મોતામાં GEBના વાયર્સની ચોરીમાં બે આરોપી ઝડપાયા

પલસાણા: સુરત એલ.સી.બી.ને બાતમી મળી હતી કે, શબીર મોહમદ નામનો શખ્સ પોતાના સાગરીતો સાથે મળી ચોરીના વાયરો મહિન્દ્રા પિકઅપ ટેમ્પો નં.(GJ-16-AW-6819)માં ભરી સેવણીથી કોસમાડી પાટિયા તરફ જઈ રહ્યો હતો. પોલીસે સમયસૂચકતા વાપરી કોસમાડી પાટિયા નહેરના પુલ પાસે વોચ ગોઠવી શંકાસ્પદ ટેમ્પોને આંતર્યો હતો. ટેમ્પોની તલાશી લેતાં તેમાંથી અંદાજે 970 કિલોગ્રામ વજનના એલ્યુમિનિયમ વાયર મળી આવ્યા હતા, જેની બજાર કિં.રૂ.1,94,000 આંકવામાં આવી છે. આ વાયર તેમણે મોતાના ગોકુલ ફાર્મની બાજુના કમ્પાઉન્ડમાંથી ચોર્યા હતા. પોલીસે આ મામલે શબીર મોહમદ મલેક (રહે.,બારડોલી) અને સમીર રિયાઝુદ્દીન શેખ (રહે.,નાસિક)ની ધરપકડ કરી છે, જ્યારે નારાયણ મારવાડીને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે ઘટના સ્થળેથી વાયર, પિકઅપ ટેમ્પો, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ 3,99,720નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશને ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

### જોળવામાં યુવક પર હુમલો થતાં ફરિયાદ

પલસાણા: પલસાણાના જોળવા ગામની સાંઈદીપ સોસાયટી પાસે નજીવી બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. ટ્રાન્સપોર્ટર દિલીપકુમાર મિશ્રાએ આરોપી અશોક પ્રેમનારાયણ ગોડને રસ્તા પરથી વાહન હટાવવા અને ડ્રાઈવર સાથે ઝઘડો ન કરવા સમજાવતાં મામલો બિચક્યો હતો. ઉશ્કેરાયેલા અશોક, રામવીર અને મોહિત ગોડે લાકડાના સપાટા તથા ઢીકમુક્કી વડે દિલીપકુમારને બેરહેમ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં વાલોડના રાજવીર ગામીતે મેદાન માર્યું




વાલોડ: તાજેતરમાં સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ પાવર લિફ્ટિંગ દ્વારા સુરત ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં વાલોડના આશાસ્પદ યુવાન રાજવીર ગામીતે પોતાની તાકાતનું શાનદાર પ્રદર્શન કરી સુવર્ણ સફળતા પ્રાપ્ત કરી છે. આ ઝળહળતી સિદ્ધિ દ્વારા રાજવીરે સમગ્ર તાપી જિલ્લા અને ગામીત સમાજનું નામ રોશન કર્યું છે. પોતાની જીતનો શ્રેય પરિવાર અને કોચને આપતા રાજવીરે હવે રાષ્ટ્રીય સ્તરે દેશ માટે મેડલ જીતવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે.

### પીપોદરામાં એકાએક ઢળી પડતાં શ્રમજીવીનું મોત

હથોડા: પીપોદરા GIDCમાં રાધે સિલ્વર પાસે ચા પીવા ગયેલો શ્રમિક દેવેન્દ્ર કુસ્વાહા લાકડીના પાટલી પર બેઠો હતો. ત્યારે અચાનક બેભાન થઈ જમીન પર પલકવારમાં મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પાલોદ પોલીસ ચોકીદાર જમાદાર મહેશભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

# કડોદ રોડ પર રેલવે ફાટક બંધ રાખવાનો નિર્ણય પાછો ખેંચાયો

**સમારકામ** અર્થે બંધ કરાયેલી ફાટક ફરીથી ખુલ્લી મૂકવાનો નિર્ણય લેવાયો



બારડોલી: બારડોલીના કડોદ રોડ પર આવેલી રેલવે ફાટક (LC-27)ને લઈ વહીવટી તંત્ર અને રેલવે વિભાગ વચ્ચેના સંકલનના અભાવે વિદ્યાર્થીઓના ભાવિ પર તોળાતું સંકટ હાલ પૂરતું ટળી ગયું છે. સ્થાનિકોની ઉગ્ર રજૂઆત અને મીડિયાના અહેવાલો બાદ તંત્ર જાગ્યું છે અને સમારકામ અર્થે બંધ કરાયેલી ફાટક ફરીથી ખુલ્લી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રેલવે વિભાગ દ્વારા બારડોલી-કડોદ માર્ગ પરની ફાટકને સમારકામ માટે ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ હતી કે, રેલવે વિભાગે આ માટે અધિક કલેક્ટરની પૂર્વ પરવાનગી લીધા વગર જ જાહેરનામું બહાર પાડી દીધું હતું. હાલમાં બોર્ડની પરીક્ષાઓ નજીક હોવાથી આ માર્ગ બંધ થવાને કારણે સેંકડો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવું મુશ્કેલ બને તેમ હતું.

આ ગંભીર પરિસ્થિતિ અંગે સ્થાનિક સમાચાર માધ્યમોએ અવાજ ઉઠાવતા તંત્ર હરકતમાં આવ્યું હતું. બારડોલી એસડીએમ જિજ્ઞા પરમારે તાત્કાલિક પોતાની ટીમને સ્થળ પર મોકલી તપાસ કરાવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, રેલવે પાસે ફાટક બંધ કરવા માટેનું સત્તાવાર વહીવટી જાહેરનામું નહોતું. એસડીએમ દ્વારા રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરી વિદ્યાર્થીઓના હિતમાં ફાટક ખુલ્લું રાખવા સૂચના આપી હતી. પરિણામે, માત્ર એક દિવસ કામ ચલાવીને ફાટક ફરીથી ખોલી દેવામાં આવ્યું છે. આ નિર્ણયથી ધામડોદ અને આસપાસના ગ્રામજનો તેમજ ખાસ કરીને પરીક્ષાર્થીઓએ હાશકારો અનુભવ્યો છે. સ્થાનિક અગ્રણીઓએ લોકહિતમાં લેવાયેલા આ ઝડપી નિર્ણય બદલ એસડીએમ અને રેલવે તંત્રનો આભાર વ્યક્ત કર્યો છે. હવે વિદ્યાર્થીઓ કોઈપણ માનસિક તણાવ કે વિલંબ વગર પોતાની પરીક્ષા આપી શકશે.

## લીમડદા ગામે ખેતરમાં પાણી વાળવા મુદ્દે વૃદ્ધા પર હુમલો

વ્યારા: વ્યારાના લીમડદા ગામે ખેતરમાં પાણી વાળવા જેવી નજીવી બાબતે પાડોશી ખેડૂતે 65 વર્ષીય વૃદ્ધાને લાકડાં વડે માર મારતાં વૃદ્ધા ઇજાગ્રસ્ત થઈ હતી. ગત તા.23-2-2026ના રોજ સવિતાબેન કાંતુભાઈ સુક્કરભાઈ ચૌધરી (ઉં.વ.65) (રહે.,લીમડદા ગોડાઉન ફળિયું, તા.વ્યારા) પોતાના પતિ અને દીકરી સાથે તલના ખેતરમાં પાણી વાળી રહ્યાં હતાં. દરમિયાન નિશાળ ફળિયામાં રહેતા રમેશ નહલિયા ગામીતે પાણી વાળવા મુદ્દે ઝઘડો કરી ખેતરની પાળ પર બેસેલી વૃદ્ધાને લાકડાં વડે માર મારવા લાગ્યો હતો. વૃદ્ધા થોડા સમય માટે બેભાન થઈ ગઈ હોવા છતાં રમેશ વૃદ્ધાને લાકડાથી માર મારતો રહ્યો હતો અને વૃદ્ધાના પતિ અને દીકરી સાથે પણ ગાળાગાળી કરી રમેશ ચાલ્યો ગયો હતો. ત્યારે લાકડાના ફટકાથી ઇજાગ્રસ્ત વૃદ્ધાને 108 મારફતે વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાંથી પ્રાથમિક સારવાર બાદ વૃદ્ધાને સુરત નવી સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

# કડોદરામાં સ્વદેશી મેળાનો પ્રારંભ, 30 સ્ટોલ લાગ્યા



ઈલ્યાસ શેખ

પલસાણા: દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ "હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી" તથા "વોકલ ફોર લોકલ" અભિયાનના અનુસંધાનમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (ગુજરાત શહેરી આજીવિકા મિશન) તેમજ કડોદરા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે કડોદરા ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો અકળામુખી હનુમાનજી મંદિર ગ્રાઉન્ડ, કડોદરા મુકામે યોજાયો છે.

મેળાનો શુભ પ્રારંભ કડોદરા નગરપાલિકાના પ્રમુખ નારાયણી વી.શર્માના હસ્તે રિબિન કાપી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી અંકુરભાઈ દેસાઈ, નગર ભાજપ સંગઠન પ્રમુખ કિરણભાઈ પરમાર, તાલુકા પંચાયત સભ્ય દેવેન્દ્રસિંહ કપલેટીયા, કડોદરા નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ અનિલકુમાર સિંહ, ઉપપ્રમુખ બુદ્ધિમંત બહેરા, ચીફ ઓફિસર પ્રણવભાઈ એ. ચૌધરી, પૂર્વ ડેપ્યુટી સરપંચ ભોળાભાઈ ભરવાડ સહિત અનેક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્વદેશી મેળો તા.25 ફેબ્રુઆરીથી 2 માર્ચ સુધી ચાલશે. મેળામાં આશરે 30 જેટલા સ્ટોલ લગાવાયા છે, જેમાં સખી મંડળો દ્વારા તૈયાર કરવામાં આવેલાં ઘરગથ્થુ ઉત્પાદનો, ખાદી ગ્રામોદ્યોગનાં ઉત્પાદનો, આદિવાસી વાનગીઓ તેમજ નાગલીના પાપડથી લઈને વિવિધ સ્વદેશી ખાદ્ય અને હસ્તકલાની વસ્તુઓ પ્રદર્શિત તથા વેચાણ માટે મૂકવામાં આવી છે.

# સુરતથી તરસાડી લોનનો હપ્તો લેવા આવેલા કર્મચારીને માર પડ્યો

**કર્મચારીને** લાકડી વડે માર મારતાં હોસ્પિટલ ખસેડાયો

હથોડા: સુરતથી તરસાડી ખાતે લોનનો હપ્તો વસૂલવા આવેલા એક સેલ્સમેનને હપ્તાનાં નાણાં મળવાને બદલે લાકડીના સપાટાનો માર સહન કરવો પડ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કર્મચારીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

સુરત ખાતે રહેતા ૩૪ વર્ષીય મહેશ ઉર્ફે ભાવરાવ વાનખડેએ કોસંબા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તરસાડીની 'રીવા રેસિડેન્સી' (ઘર નં.૨૧૭) ખાતે રહેતા શૈલેષભાઈ રાઠોડે 'રિંગ એપ્લિકેશન' મારફતે ૨૫,૦૦૦ની ઓનલાઈન લોન લીધી હતી. આ લોનનો હપ્તો ગત તા.૪-૨-૨૦૨૬ના રોજ ભરવાનો હતો, પરંતુ ગ્રાહકનો સંપર્ક ન થતાં મહેશભાઈ તપાસ કરવા માટે તેમના ઘરે પહોંચ્યા હતા.

ત્યાં હાજર એક મહિલાએ શૈલેષભાઈ વિશે અજાણ હોવાનું જણાવી સેલ્સમેનને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું હતું.

આ દરમિયાન ઘરમાંથી એક અજાણ્યો શખ્સ લાકડાનો દંડો લઈને બહાર આવ્યો હતો અને મારા ઘરે કેમ આવ્યો છે? તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. હુમલાખોરે ઉશ્કેરાઈને જણાવ્યું હતું કે, તું જે શૈલેષની વાત કરે છે તે મારા પણ પૈસા લઈ ગયો છે, તું મને મારા પૈસા આપીશ?

ત્યારબાદ આ શખ્સે ગાળાગાળી કરી મહેશભાઈ પર લાકડાના દંડા વડે હુમલો કર્યો હતો. ઉપરાઉપરી મારેલા ફટકાને કારણે મહેશભાઈને હાથની કોણીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ફ્રેક્ચર થયું હતું.

લોહીલુહાણ હાલતમાં તેમને કોસંબાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હાલમાં પોલીસે ભોગ બનનાર કર્મચારીની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દારૂના અડ્ડા-સાયબર ક્રાઈમના બનાવો સામે કોંગ્રેસનો વિરોધ

**માંડવી** પંથકમાં ખુલ્લેઆમ ધમધમતા દારૂ-જુગારના અડ્ડા સામે 'જનતા રેડ'ની ચીમકી



હિતેશ પટેલ

માંડવી: માંડવી, ઉમરપાડા અને માંગરોળ વિસ્તારમાં દારૂ અને આંકડા-જુગારનો ગેરકાયદે કાળો કારોબાર ખુલ્લેઆમ અને બેફામ રીતે ચાલી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિઓના કારણે સામાન્ય અને નિર્દોષ પરિવારો આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે.

સ્થાનિક આગેવાનોએ જણાવ્યું છે કે, પોલીસને જો આ અડ્ડા અંગે માહિતી જોઈતી હોય તો અમે આપવા તૈયાર છીએ, પરંતુ કોઈ નક્કર કાર્યવાહી તો થાય! એકતરફ ભૌતિક રીતે દારૂ-જુગારની બદીઓ લોકોને બરબાદ કરી રહી છે, તો બીજી તરફ ડિજિટલ દુનિયામાં સાયબર ઠગાઈના બનાવોમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો છે. રોજબરોજ અનેક લોકો ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. આમ છતાં, તંત્ર દ્વારા ગુનેગારો પર કોઈ પ્રભાવશાળી નિયંત્રણ લાદવામાં આવ્યું નથી કે લોકોને જાગૃત કરવા માટે કોઈ સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું નથી, જેના પરિણામે પ્રજામાં અસુરક્ષા અને ભયનો માહોલ છવાયો છે.

વધતા જતા ગુનાખોરીના ગ્રાફ અને તંત્રની ઉદાસીનતાને પગલે સુરત જિલ્લા કોંગ્રેસ આક્રમક મૂડમાં આવી ગઈ છે. કોંગ્રેસ દ્વારા જવાબદાર અધિકારીઓને ખુલ્લી ચેતવણી આપવામાં આવી છે કે, જો તાત્કાલિક અસરથી દારૂ-જુગારના અડ્ડા પર તવાઈ બોલાવીને પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થાનિકોને સાથે રાખીને જનતા રેડ કરવામાં આવશે અને ઉગ્ર આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશે. આ આવેદનપત્ર આપતી વેળાએ જિલ્લા કોંગેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરી, માજી પ્રમુખ મનહરભાઈ પટેલ સહિત મોટી કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતા.

## બારડોલીમાં ભાજપ આગેવાનોએ રંગારા સાથે ગાળાગાળી કરી

બારડોલી: બારડોલી તાલુકાના ભાજપ આગેવાનોએ એક કલરકામ કરતાં કારીગર સાથે ગાળાગાળી કરી માર મારવાની ધમકી આપતાં મામલો પોલીસ મથકમાં પહોંચ્યો છે. ખરવાસા ગામના બ્રિજેશ પટેલ, દીપક લાલુ પટેલ અને દીપક અમથા પટેલ સામે બારડોલી ટાઉન પોલીસમાં અરજી આપતાં પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

બારડોલી તાલુકાના બાબેન ગામે અષ્ટવિનાયક સોસાયટીમાં રહેતા સુનિલભાઈ સહાની કલરકામનું કામ કરે છે. ખરવાસા ગામે આવેલ પાટીદાર સમાજના હૉલનું કામ તેમણે ટેન્ડરના માધ્યમથી દોઢ વર્ષ અગાઉ રાખ્યું હતું. પરંતુ કોઈ કારણોસર કામ નહીં થતાં હૉલના સંચાલકો સાથે અવારનવાર ઝઘડો થતો હતો. દરમિયાન ખરવાસા ગામના હૉલના પ્રમુખ બ્રિજેશ પટેલ તેમજ દીપક લાલુભાઈ પટેલ અને દીપકભાઈ અમથાભાઈ પટેલ તેમના ઘરે ગયા હતા., ત્યાં તેઓ નહીં મળતાં ફોન પર ગાળાગાળી કરી હોવાની ફરિયાદ નોંધાવી છે. આ મામલે બારડોલી ટાઉન પોલીસ અરજી પર તપાસ કરી રહી છે.

# પોખરણમાં અકસ્માતમાં આધેડ ઘાયલ

સોનગઢ: સુરત-ધુલિયા નેશનલ હાઈવે પર પોખરણ ગામની સીમમાં આવેલી ગ્રાન્ડ તુલસી હોટલ પાસે ગત સાંજે હિટ એન્ડ રનની ઘટના બની હતી.

ક્વોરીથી ઘરે પરત ફરી રહેલા માંડળ ગામના રાજેન્દ્રભાઈ ગામીતની બાઈક નં.(GJ-26-D-3472) ને પાછળથી એક અજાણ્યા સફેદ રંગના ફોર વ્હીલ ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રાજેન્દ્રભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૮ ટાંકા આવ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે વ્યારાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જી ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો.

સોનગઢ પોલીસે પ્રવીણભાઈ ગામીતની ફરિયાદના આધારે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**નિવિદાનં - ૪૫ (બીજીવાર) સને ૨૦૨૫-૨૬**
**જિલ્લા પંચાયત (મા.મ) વિભાગ વલસાડ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત (મામ) વિભાગ- વલસાડ ફોન નં (૦૨૬૩૨-૨૫૩૬૯૪) ની કચેરીએથી જિલ્લા પંચાયત હસ્તકનાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ના ક્વાટર્સનાં ડીમોલેશનનાં કામો જેની અંદાજીત રકમ રૂા ૧૭.૦૦ લાખ થી રૂા.૧૯.૦૦ લાખ સુધીની છે. જે કામો માટે ગુજરાત રાજ્યનાં જાહેર બાંધકામ ખાતામાં અન્ય યાદીમાં નોંધાયેલ ઇજારદારશ્રીઓ પાસેથી ઇ-ટેન્ડરથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો http://tender.nprocure.com વેબસાઇટ પરથી જોવા મળશે.
વધુમાં મંજુર થયેલ ભાવોના ઇજારદારશ્રીએ જી.એસ.ટી. અલગથી ચલણ દ્વારા જમા કરવાનો રહેશે.
ટેન્ડર ઓનલાઇન સબમીશનની છેલ્લી તા:- ૧૦/૦૩/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ) વિભાગ
વલસાડ

ન. માહિતી/વલસાડ/૯૨૫/૨૦૨૬

**ટૂંકી નિવિદા એસ.કે. નં. ૦૮ સને ૨૦૨૫-૨૬**

ગુજરાત રાજયના રાજયપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા.મ.) વિભાગ, સુરત ફોન નં. ૨૪૭૨૩૩૭ ચોથોમાળ,સુરત જીલ્લા પંચાયત ભવન,લાર્સનઆર્મી સ્કુલની બાજુમા, પીપલોદ, વેસુ સુરત તરફથી જણાવવાનું કે, ગુજરાત રાજયના રસ્તાના કામોને લગતાં જમીન સંપાદન,ફોરેસ્ટ મંજુરી તથા સર્વેની કામગીરીનો અનુભવ ધરાવતા ઇજારારદારશ્રી પાસેથી કન્સલટન્સીની કામગીરી અંગેના વાર્ષિક ભાવો તમામ કરવેરા સહિત (Including GST) મંગાવવામાં આવે છે. જેના કોરાભાવ પત્રકો આપવાની છેવટની તા. ૦૫/૦૩/૨૦૨૬ તથા રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેવટની તા. ૧૧/૦૩/૨૦૨૬ રાખવામાં આવી છે. આ સાથે ટેન્ડર ફી રૂા.૯૦૦/- રાખવામાં આવેલ છે. આ કામની વિગતવાર નોટીશ કચેરીના નોટીશ બોર્ડ ઉપર મુકવામાં આવી છે. કામો અંગેની વધુ વિગતો તેમજ કોરા ભાવ પત્રકો મેળવવા રસ ધરાવતા ઈજારદારોએ અત્રેની કચેરીની એસ.કે શાખાનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે. આવેલ ટેન્ડર મંજુર કરવા કે ના મંજુર કરવા એ હકકો સુરત જિલ્લા પંચાયતને હકક અબાધિત છે. શકય હશે તો ટેન્ડરો સ્વીકારવાના દિવસે જ ખોલવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર
પંચાયત (મા.મ.) વિભાગ
સુરત

ક્રમાંક : માહિતી-સૂરત/૧૫૬૩/૨૦૨૬